



ગાંધીનગરનું મલ્હાર ગ્રુપ તા. ૨૯થી ૩૧ જાન્યુઆરી-૨૦૧૪ દરમ્યાન ધોરડો ખાતે ગુજરાત સરકાર દ્વારા આયોજીત રણોત્સવમાં પ્રાચીન ગરબા, અર્વાચીન ગરબા, હૂડો, રાસ, ઘોડાખૂંદ, બેઠા ગરબો વગેરે ઉત્કૃષ્ટ કૃતિઓ રજુ કરી પ્રેક્ષકોનું મન મોહી લીધુ હતુ. પ્રસ્તુત તસ્વીરમાં ગ્રુપના સભ્યો દષ્ટિગોચર થાય છે. (તસવીર : દિગંત ઓઝા)

# સેકટરોમાં પાર્ક થયેલી ગાડીના કાચ તોડતી ગેંગનો આતંક

## એક જ રાત્રીમાં સે-૫, ૬ અને ૭માં મળી ૧ ૩થી વધુ ગાડીના કાચ તુટયા




ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના સેકટરોમાં રાત્રી દરમિયાન પાર્ક થયેલી ગાડીઓને નિશાન બનાવી તેના કાચ ફોડી નાંખતી ગેંગનો આતંક રીતસરનો વધી ગયો છે. અગાઉ એક અઠવાડીયું સતત આ ગેંગે તરખાટ મચાવ્યા બાદ માંડ શાંત પડી હતી ત્યારે પુનઃ ગેંગ સક્રીય થતા વસાહતીઓ ભયભીત થઈ ગયા છે.

ગઈ રાત્રી દરમિયાન કારના કાચ તોડતી ગેંગ દ્વારા વિવિધ સેકટર્સમાં રીતસરનો આતંક મચાવવામાં આવ્યો હતો. સેકટર-૫-એ, સેકટર-૬-બી, સેકટર-૭-બી અને સે-૭-ડી સહિતના વિસ્તારોમાં આ ગેંગ રાત્રી દરમિયાન ફરી હતી અને ૧ ૩થી વધુ ગાડીઓનાં કાચ તોડી નાંખ્યા હતા. અમદાવાદમાં આ ગેંગે મચાવેલા આતંક બાદ સ્પેશીયલ ટીમ બનાવવામાં આવી હતી. ગાંધીનગરમાં વધી રહેલા આ ગેંગના આતંકથી ભયભીત થયેલા વસાહતીઓ પણ પોલીસ ટીમ બનાવી આ ગેંગને સબક શીખવાડે તેવું ઈચ્છી રહી છે.

# સચિવાલય સંકુલ દોઢ મહિનામાં સીસીટીવી કેમેરાથી સજ્જ હશે

## મુલાકાતીઓના ફોટો સાથેના ડેટા રાખીને સલામતી વ્યવસ્થા સઘન બનાવાશે

ગાંધીનગર, તા.૯

સમગ્ર રાજયનો વહીવટ જયાંથી થાય છે તેવા સંકુલ સચિવાલય સંકુલની સુરક્ષા વ્યવસ્થા હજુ સઘન બનાવાઈ રહી છે. સમગ્ર સંકુલમાં સીસીટીવી કેમેરા લગાડવા વર્ક ટેન્ડર પણ અપાઈ ગયું છે. હવે અંદાજે દોઢ મહિનામાં સચિવાલય સંકુલ કેમેરાથી સજ્જ થઈ જશે. તો બીજી તરફ સચિવાલયમાં પ્રવેશ લેતા તમામ મુલાકાતીઓના ફોટો સાથેના ડેટા સાચવીને સ્ટોર કરવામાં આવશે તેવો મહત્વનો નિર્ણય સઘન સલામતી વ્યવસ્થા માટે લેવામાં આવ્યો છે.

નવા સચિવાલયમાં ઉચ્ચ અધિકારીઓથી માંડીને મંત્રીઓની ઓફીસ આવેલી છે. સતત વીવીઆઈપીની અવર જવર રહેતી હોવાથી તથા અત્યંત મહત્વના રાજયના વહીવટના દસ્તાવેજો તથા ફાઈલોની જયાં ઉથલપાથલ થતી હોય છે તેવા નવા સચિવાલયમાં સુરક્ષા સલામતી વ્યવસ્થા કડક બનાવી દેવામાં આવી છે. પકડાયેલા આતંકવાદીના ઈન્ટ્રોગેશન રીપોર્ટ તથા આઈબીના સતત મળતા ઈનપુટને જોતા ગાંધીનગરમાં પણ થ્રેટ હોવાથી નવા સચિવાલયની સલામતી પર પોલીસે મહત્વનો ભાર મુકયો છે. મુલાકાતીઓ કે જેમની અવર જવર નવા સચિવાલયમાંથી થાય તે તમામનાં ફોટો સાથેના ડેટા રેકર્ડ પર લેવાની ગતિવિધિ કરવા નિર્ણય લેવામાં આવ્યો છે તે ઉપરાંત પળેપળની હિલચાલ કેમેરામાં કેદ થાય તેવા થયેલા આયોજન બાદ સીસીટીવી કેમેરા ઈન્સ્ટોલેશનનું વર્ક ટેન્ડર પણ અપાઈ ગયું છે હવે દોઢેક મહિનામાં સચિવાલય સંકુલ કેમેરાથી સજ્જ થઈ જશે.

# સે-૨૮નાં મકાનમાં સંતાડેલો ૨૯ હજારનો દારૂ પકડી લેવાયો

## સે-૨૧ પોલીસે બાતમીને આધારે દરોડો પાડી ૭૩ બોટલ સાથે એકની ધરપકડ કરી

ગાંધીનગર, તા.૯

શહેરનાં સેકટર-૨૮ની એક સોસાયટીમાં વિદેશી દારૂની બોટલો સંતાડી ગેરકાયદે વેપલો કરાતો હોવાની બાતમીને આધારે સે-૨૧ પોલીસની ટીમે ગઈ મોડી સાંજે દરોડો પાડીને એક બુટલેગરને ૭૩ નંગ વિદેશી દારુની બોટલો સાથે ઝડપી પાડયો છે. સે-૨૧ પોલીસે તેની ધરપકડ કરીને દારુ કયાંથી લવાયો તથા કયાં વેચાણ કરતા હતાં તે સહિતની વિગતો બહાર લાવવા પુછતાછ શરુ કરવામાં આવી છે.

સેકટર-૨૧ પોલીસ મથકના ડી સ્ટાફની ટીમને ગઈ સાંજે બાતમી મળી હતી કે સે-૨૮ બનાસકાંઠા સોસાયટીના મકાન નં. ૪૮૮/૨ ખાતે વિદેશી દારુ સંતાડી તેનો વેપાર કરવામાં આવી રહ્યો છે તેથી બાતમીને આધારે સે-૨૧ પોલીસની ટીમે મોડી સાંજે દરોડો પાડી મકાનમાં તપાસ કરતાં મકાનમાંથી ૭૩ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે દારુની રૂ. ૨૯,૩૦૦ની કિંમતની બોટલો કબ્જે લઈ બુટલેગર સંતોષ ઉર્ફે શાંતિલાલ દલાભાઈ મકવાણાની ધરપકડ કરી તેની સામે પ્રોહીબીશન એકટનો ગુનો દાખલ કરી ઉંડી તપાસ શરુ કરી છે.

# રાયપુર નર્મદા કેનાલમાંથી પલ્સર બાઈક મળી આવ્યુ

## બાઈક સાથે કોઈ પડ્યુ હતુ કે અન્ય કોઈ કારણે ફેંકી દેવાયું હતુ તેની તપાસ માટે માલીક સુધી પહોંચવા પોલીસની તજવીજ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર નજીક રાયપુર નર્મદા કેનાલમાંથી ગઈકાલે એક પલ્સર બાઈક મળી આવતા ચકચાર મચી જવા પામી છે. બાઈક કેવી રીતે અંદર પડ્યુ તે પ્રશ્ન હજુ પોલીસને મુંઝવી રહ્યો છે. બાઈક સાથે કોઈ વ્યક્તિ અંદર પડ્યો હતો કે કોઈ અન્ય કારણે બાઈક કેનાલમાં ફેંકી દેવાયું હતું તેની તપાસ માટે બાઈકના માલીક સુધી પહોંચવા આરટીઓની મદદ લેવાઈ રહી છે.

કેનાલ સિક્યુરીટી ગાર્ડે રાયપુર કેનાલમાં પલ્સર બાઈક પડ્યું હોવાની જાણ ડભોડા પોલીસને કરતા પોલીસ ઘટનાસ્થળે આવી ગઈ હતી અને બિનવારસી પલ્સર બાઈકને કબ્જે લઈ તેના નંબરને આધારે માલીક સુધી પહોંચવા તજવીજ હાથ ધરી છે. કોઈ વ્યક્તિ કેનાલમાં બાઈક સાથે પડ્યો હતો કે કોઈએ ચોરી કરેલુ બાઈક ફેંકી દીધું કે અન્ય કોઈ કારણ છે તેની તપાસ માટે ડભોડા પોલીસ ગોડી રહી છે.

# ચિલોડા ખાતે વાસ્મો અંતર્ગત શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર તાલુકાના પ્રવેશ દ્વારે ચિલોડા જંકશન મથકે ચિલોડા ગ્રામ પંચાયતના પટાંગણમાં વાસ્મો અંતર્ગત એક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાસ્મો અંતર્ગત તાલીમ વર્ગમાં સંસ્થામાં ઉમેદવાર તરીકે નિયુકિત પામેલા ૨૫થી વધુ તાલીમાર્થીઓને ચિલોડા ગામમાં પાણીની સુવિધા અંગે તમામ માહિતી અને માર્ગદર્શન મેળવવા કટીબધ્ધ બન્યા હતા. આ તાલીમમાં પાણી-પુરવઠા યોજના અંગેની જરુરી કાર્યવાહી મેળવવા તાલીમાર્થીઓએ રસપૂર્વક પ્રશ્નોત્તરી કરી ભારે ઉત્સુકતા દર્શાવી હતી. ત્યાર બાદ ગામના અમુક વિસ્તારમાં પાણીની સગવડ અંગેની યોજના માટે ક્ષેત્રીય સર્વેક્ષણ કરી જાત માહિતી મેળવવા પ્રયત્નશીલ બન્યા હતા. આ પ્રસંગે ચિલોડા ગ્રામ પંચાયતના સરપંચશ્રી સવાજી ભુવાજી હાજર રહ્યા હતાં.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# જાગૃત નાગરિક પરિષદની બેઠકમાં મનપાના વહીવટ બાબતે આક્રોશ વ્યકત કરાયો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની માસિક સભા તા. ૩જી ફેબ્રુઆરીએ મળી હતી. આ માસિક સભામાં તકેદારી આયોગ, માહિતી આયોગ અને મહાનગરપાલિકાના જનહિત વિરોધી વહીવટ અંગે આક્રોશપૂર્ણ રજૂઆતો કરાઈ હતી.

જાગૃત નાગરિક પરિષદની આ સભામાં સૌ પ્રથમ ગત બેઠકની કાર્યવાહીનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. તેમજ નિર્ણયોની પૂર્તતાની જાણકારી અપાઈ હતી. ત્યાર પછી જનહિત વિરોધી જણાતા ગંભીર પ્રશ્નોની રજૂઆત દરમ્યાન હાજર સભ્યો દ્વારા તકેદારી આયોગ, માહિતી આયોગ, મહાનગરપાલિકા, ટોરેન્ટ વીજ કંપનીના નિંભર અને જનહિત વિરોધી વહીવટ તથા વહેવારને લઈને ઉગ્ર રજૂઆતો કરાઈ હતી. ભ્રષ્ટાચાર નિવારણના મૂળભૂત હેતુને ભૂલી જઈને ચીલાચાલુ કાર્યવાહીઓમાં અને ઔપચારિક વ્યક્તિગત તપાસ કેસોની સમીક્ષામાં તજ્દન બિન અસરકારક રીતે સમય પસાર કરતાં તકેદારી આયોગની ઉદાસીનતા અને નિષ્ક્રિયતાને નિર્મૂળ કરવાની માંગ ઉઠી હતી અને તકેદારી આયોગના આત્માને જગાડી તેની કાર્યરીતિઓ અને અભિગમમાં બદલાવની અનિવાર્યતા જણાવાઈ હતી.

આ બેઠકમાં માહિતી આયોગની સ્થિતિ અંગે પણ સ્ફોટક રજૂઆતો કરાઈ હતી તેમજ હજારોની સંખ્યામાં પડતર અપીલોના નિકાલમાં મહિનાઓ નહી પરંતુ વર્ષો નીકળી જશે તેવી દહેશત રજૂ કરાઈ હતી. આયોગમાં નકારાત્મક અભિગમ ધરાવતા કર્મચારીઓને દૂર કરી માનવતાવાદી અભિગમ ધરાવતા કર્મચારીઓને નિયુક્ત કરવા માંગણી કરવામાં આવી હતી. તેમજ કાયદા-નિયમોની દંડકીય જોગવાઈનો ચુસ્તપણે અમલ કરવા પણ ટકોર કરાઈ હતી.

મહાનગર પાલિકાના નિંભર વહીવટ અંગે જનહિત વિરોધી વહીવટ તેમજ વહેવાર હોવાની ફરિયાદો સતત ઉઠી રહી છે. તેમજ માત્ર સફાઈકાર્યની જ દેખરેખ સંભાળતુ મનપાનું તંત્ર તે બાબતે પણ નિષ્ફળ રહ્યુ હોવાનું જણાવાયું હતુ. આ અંગે મનપાએ વૈજ્ઞાનિક પદ્ધતિએ સફાઈનું વ્યવસ્થાપન તંત્ર ગોઠવવું જોઈએ તેવો પણ મત વ્યક્ત કરાયો હતો. આ સભામાં સફાઈના પ્રશ્ને તંત્રને જાગૃત રાખવાની જવાબદારી સંસ્થાના મંત્રી રમણભાઈ શ્રીમાળીને તેમજ તે અંગે પ્રજામાં જાગૃતિ લાવવાની જવાબદારી ડી. સોમભાઈ પટેલ અને દશરથભાઈ પરમારને સોંપવામાં આવી હતી.

# ગાંધીનગરમાં મોલોમસીનો વધતો ત્રાસ

ગાંધીનગર, તા.૯

શિયાળાની સિઝન પૂર્ણતાના આરે છે ત્યારે જ શહેરમાં મોલોમસીનો ત્રાસ વધી ગયો છે. સવારે અને સાંજે મોલોમસીનો ઉપદ્રવ વધતા વાહનચાલકો અને રાહદારીઓને ખુબ તકલીફ પડી રહી છે.

રવિ સિઝનના પાકની કાપણી શરુ થઈ ચુકી છે. ગાંધીનગરની આસપાસ આવેલા ખેતરોમાંથી રાયડાની કાપણી પણ શરૂ થઈ જતા મોલોમસીનો ત્રાસ વધ્યો છે. ગાંધીનગરમાં તેનું પ્રમાણ વધુ જોવા મળી રહ્યું છે. ગાંધીનગરની નજીક ઘણા વિસ્તારોમાં રાયડાનો પાક લેવાય છે. ખેતરોમાં રાયડાનો પીળો પાક લહેરાતો જોવા મળે છે. રાયડો પાકતા તેની કાપણી શરુ થઈ ચુકી છે. રાયડામાં ઉપદ્રવ થતી મોલોમસીનો ત્રાસ આ સાથે જ વધતો જાય છે. મોલોમસી ઉડીને છેક ગાંધીનગર શહેર સુધી આવી જાય છે. વહેલી સવારે અને સાંજના સમયે તેનો ત્રાસ વધી જાય છે. વાહનચાલકોને તેનાથી ખુબ જ સંભાળવું પડે છે જો ચશ્મા ન પહેર્યા હોય તો તે સીધી જ ઉડીને આંખોમાં જાય છે. હજુ થોડાક દિવસ આ ત્રાસ સહન કરવો પડશે. જેમ જેમ ગરમી વધતી જશે તેમ તેમ મોલોમસીનો નાશ થતો જશે. દર વર્ષે આ સામયગાળામાં ગાંધીનગરમાં મોલોમસીનો ત્રાસ વાહનચાલકોને ફરજીયાત સહન કરવો પડે છે.

## ચિલોડા પંથકમાં ભીંડાના વાવેતરમાં મોલોમશીના ઉપદ્રવથી ખેડૂતો ચિંતાતુર



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડા, તા. ૯

ગાંધીનગરના પૂર્વ વિસ્તારના ચિલોડા વિસ્તારમાં શિયાળુ પાક તરીકે ભીંડાનું વાવેતર વધુ પ્રમાણમાં થવા પામ્યું છે. આ વિસ્તારમાં ચિલોડા, ડભોડા, શિહોલીમોટી તથા લવારપુર ગામમાં ભીંડાનું વધુ પ્રમાણમાં વાવેતર થયું છે. જ્યારે વર્તમાનમાં રવીસિજનમાં હવામાનમાં થતા ઓચિંતા ફેરફારને લીધે દિવસે ગરમી તથા રાત્રે ઠંડીના જોરને લીધે ખેતીના પાકને પ્રતિકુળ સંજોગો ઉભા થતા ખેડૂત આલમમાં ચિંતાનું મોજુ પ્રવર્તી રહ્યું છે. ભીંડાના વાવેતરમાં વાતાવરણની અસરથી વાદળછાયુ ગરમી-ઠંડીના લીધે મોલોમશીનું વધુ પ્રમાણ જણાતા ભીંડામાં ચુસિયા રોગ દેખા દેતાં ખેડૂતો પાકને બચાવવા પુષ્કળ પ્રમાણમાં જંતુનાશક દવાનો છંટકાવ કરી રહ્યા છે. આમ હજુ હવામાનના ચક્રમાં થતા ફેરફારોને લીધે શાકભાજી માટે ખતરો જણાતા મોંઘાદાટ બિયારણ અને ખેતી ખર્ચ વધુ કરતાં ખેડૂત આલમમાં પાક સફળ નીવડશે કે નહીં તે ચિંતા સતાવી રહી છે. આમ ખેડૂતોનું માનવું એવું છે કે કદાચ પાક નિષ્ફળ જાય તેવા સંકેતોથી ચિંતાતુર ખેડૂતોમાં ભારે વિમાસણની સ્થિતિ જોવા મળે છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૫

સૂર્યાસ્ત : ૬.૩૩

## તાપમાન

મહત્તમ : ૨૭.૫ ડિ.સે.

લઘુત્તમ : ૧૧.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૨ ટકા ● સાંજે ૪૫ ટકા

## મનોરંજન

### સિને મેકસ

: સ્ક્રીન-૧ :

જય હો : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

વન બાય ટુ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

જય હો : ૧૨.૧૫, ૩.૧૫, ૩.૧૫, ૬.૧૫, ૯.૧૫

: સ્ક્રીન-૪ :

જય હો : ૧૧.૧૫, ૮.૧૫

દેઢ ઈશ્કિયા : ૨.૧૫

યારીયાન : ૫.૧૫

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :

હસી તો ફસી : ૧૦.૩૦, ૧૨.૩૦, ૩.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

હાર્ટલેસ : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

જય હો :૧૦.૦૦, ૬.૪૫

હસી તો ફસી : ૧.૧૫, ૪.૧૫, ૯.૧૫

બબલૂ હેપ્પી હૈ : ૬.૪૫, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

જય હો : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

વન બાય ટુ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેકસ, કલોલ

: સ્ક્રીન-૧ :

હસી તો ફસી : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

બબલૂ હેપ્પી હૈ : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫

હેરીટેલ્સ : ૧.૧૫, ૭.૧૫

: સ્ક્રીન-૩ :

જય હો :૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### ચિરાગ સિનેમા(કલોલ)

જય હો :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે. વિશેષ લેવડ- દેવડથી બચવું. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે.

**વૃષભ** : વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. ભાગ્યવર્ધક કાર્યોથી લાભ પ્રાપ્તિ થઈ શકશે. વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું.

**મિથુન** : રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે.

**કર્ક** : મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપારમાં પ્રગતિ થશે.

**સિંહ** : રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**તુલા** : કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય.

**વૃશ્ચિક** : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

**ધન** : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**કુંભ** : પરિવાર, વેપારની બોદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : મિત્ર વર્ગ, શિક્ષા, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

## ચિરવિદાય

- સ્વ. ગોવિંદભાઈ ઈશ્વરલાલ ખત્રી (ઉ.વ.૪૬) વૈદેહી રેશીડેન્સી, બી-૩૦૫, વાવોલ, ગાંધીનગર.
- સ્વ. કાન્તિલાલ કલ્યાણજી દવે (ઉ.વ. ૮૬) પ્લોટ નં. ૫૬૭/૧, ફ્લેટ નં. ઈ/૧૦૧, કુડાસાણ, ગાંધીનગર.
- સ્વ. શાંતાબેન રામજીભાઈ પરમાર (ઉ.વ. ૭૫) મુ.બોરીજ ગામ, વણકરવાસ, ગાંધીનગર.